R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયુબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા . ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬(મો)૯૮૨૫૧૬૯૩૮૯

વેબ સાઇટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી, અમદાવાદ-૭

YEAR-26 • ISSUE: 03 DATE: 21-01-2017• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## ભાજપના સાથી પક્ષ શિવસેનાએ વડાપ્રધાન મોદી પર તાનાશાહી ચલાવવાનો આરોપ મુકીને ટીકા કરી

ખાદી ગ્રામોદ્યોગના કેલેન્ડર અને ડાયરી પર મહાત્મા ગાંધીના સ્થાને હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી કવર પેજ પર ચમકતાં ભાજપનો સાથી પક્ષ શિવસેના રોષે ભરાઇ અને ભાજપની કડક આલોચના કરી હતી.ભાજપના સાથી પક્ષ શિવસેનાએ પીએમ મોદીની કડક શબ્દોમાં ટીકા કરતાં કહ્યુ હતું કે પીએમ મોદી હવે પોતાની હકુમત અને તાનાશાહીનું વર્ચસ્વ પાથરી રહ્યા હોવાનો આક્ષેપ શિવસેનાના સાંસદ આનંદરાવ અડસુળેએ મુક્યો છે.

અડસુળેએ જણાવ્યુ હતું કે મહાત્મા ગાધી એક આદર્શ છે એમ મોદી જણાવે છે પરંતુ આદેશની ઉપરવટ જઇ પોતાને સ્થાપવા તે શું આદર્શનુ અપમાન નથી ?નોટબંધીના નિર્ણય સમયે પ્રધાનમંડળને વિશ્વાસમાં ન લેવું. રિઝર્વ બેન્કના ગર્વનરને કોઇ અગમચેતી ન આપવી, કોઇપણ પુર્વ તૈયારી કે આયોજન વગર જનતાને કફોડી સ્થિતિમાં મુકવી એ દરેક વાત હકુમતશાહી અને તાનાશાહીના પ્રતિક છે.

જ્યારે કેજરીવાલે કહ્યું હતું કે ગાંધીજી બનવા માટે વર્ષોની તપસ્યા કરવી પડે છે. માત્ર ચરખો ચલાવીને તેમનું અપમાન કરાય નહીં તેમ આમ આદમીના વડા કેજરીવાલે કહ્યુ હતું.

ખાદી વિલેજ ઇન્ડ્રસ્ટીઝ કમિશનના વર્ષ ૨૦૧૭ના કેલેન્ડરમાં મહાત્મા ગાંધીના સ્થાને મોદીનો ફોટો પ્રસિધ્ધ કરવામાં આવતાં દેશભરમાં આક્રમક પ્રત્યાઘાતો પડ્યા હતા.આ સમગ્ર વિવાદે રાજકીય રંગ પકડ્યો હતો.ખાદી ગ્રામોદ્યોગ પંચના કર્મચારીઓએ કહ્યુ કે ગાંધીજીના નામે રાષ્ટ્રીયતાનુ અપમાન કરવાનું સરકારે બંધ કરવું જોઇએ. બીજી તરફ સરકારે લુલો બચાવ કરતાં કહ્યુ હતું કે ગાંધીજીનું સ્થાન કોઇ લઇ શકશે નહીં,તેમને ખસેડી શકાય નહીં.કોગ્રેસે આવી હરકત બદલ મોદી માંફી માંગે તેવી માંગણી કરી હતી.કેજરીવાલ અને મમતા બેનરજીએ આ બાબતે આકરા પ્રહારો કર્યા હતા.સોશ્યલ મીડીયા પર કેજરીવાલ અને મોદી સમર્થકો વચ્ચે ટ્વીટરવોર જામ્યું હતું. હજારો ગાંધીજનો અને મોદી અને સરકાર પર માંછલા ધોયા હતા.

કેવીઆઇસીના કર્મચારીઓએ મોઢા પર કાળી પટ્ટી બાંધીને રિસેસના સમયે મૌન પાળ્યુ હતું.અને હ્રદયશુધ્ધિ કરી હતી.મહાત્મા ગાંધીની વિચારધારા અને ફિલોસોફીની આ રીતે પધ્ધતિસર હત્યા સરકાર દ્વારા કરવામાં આવી રહી છે તેનું અમને દુઃખ છે તેમ કેવીઆઇસીના સિનિયર અધિકારીએ કહ્યુ હતું.

ગાંધીજીના પપૌત્ર તુષાર ગાંધીએ સરકારની આ હરકત સામે ભારે નારાજગી દર્શાવી હતી.તેમણે પુછ્યું હતું કે ચલણી નોટો પર તો હજી ગાંધીજીનો ફોટો છે ને ?સરકાર નોટો પરથી ગાંધીજીને હટાવવાની ફિરાકમાં તો નથીને ? મોદી તેમની ઇમેજ બનાવવા ગાંધીજીનો ઉપયોગ કરે છે. તેઓ કેવીઆઇસીની ખાદીના બ્રાન્ડ એમ્બેસેડર હશે પણ ગાંધીજીના ખાદીના બ્રાન્ડ એમ્બેસેડર નથી. મોદી તેનો બિઝનેસ માટે ઉપયોગ કરતા થયા છે.રુ.૨૦૦૦ની નોટોમાં ગાંધીજીનો ફોટો બદલી નંખાયો છે. કેટલીક નોટોમાંથી તે કાઢી નંખાયો છે.અધિકારીઓની આ મજબુરી છે કે શું ? બીજી તરફ પીએણઓ દ્વારા પણ ખુબ જ સાહજિક જવાબ આપવામાં આવ્યો હતો . પીએણઓએ જણાવ્યુ કે આ વિવાદ બિનજરુરી છે. કેવીઆઇસીમાં આવો ક્યાંય કોઇ નિયમ નથી કે ડાયરી,કેલેન્ડરમાં માત્ર ગાંધીજીની જ તસવીરો હોવો જોઇએ. ભુતકાળમાં પણ ગાંધીજીની તસવીર



વગર સાહિત્ય બહાર પાડવામાં આવ્યુ હોના દાખલા છે.

તુણમુલનેતા મમતા બેનરજીએ આ અંગે વિરોધ કરતાં કહ્યુ હતું કે ગાંધીજી આપણા રાષ્ટ્રપિતા હતા મોદી શું છે ? જ્યારે કોગ્રેસના નેતા રાહુલ ગાંધીએ તેને મંગળયાન ઇફેકટ ગણાવી હતી. જો મંગળયાન હાલ તેના માર્ગ પર મંગળ તરફ જતુ હોત તો મંગળયાન મોકલવાનો જશ પણ મોદી તેમના પોતાના નામે કરત.

જ્યારે કેવીઆઇસીના ચેરમેન વિનયકુમાર સકસેનાએ કહ્યુ હતું કે ગાંધીજીને ખસેડીને મોદીએ તેમનું સ્થાન લેવા પ્રયાસ કર્યા છે તેવા આક્ષેપો અસ્થાને છે. બિનજરુરી વિવાદ ઊભો કરવામાં આવ્યો છે.ગાંધીજીની તસવીર વિના ડાયરી અને કેલેન્ડર છાપવામાં આવ્યા છે. ફક્ત ગાંધીજીની તસવીરો જ છાપવી તેવો કોઇ નિયમ નથી.

જ્યારે કોગ્રેસના સુરજેવાલાએ કહ્યુ હતું મોદીને ફક્ત તેમની પબ્લીસીટીમાં જ રસ છે.મોદી રાષ્ટ્રપિતા કરતાં પોતાને મોટા દેખાડવા માંગે છે. ભાજપ ગાંધીજીના વારસાને મીટાવવા માંગે છે. મોદીની તસવીરો તરત હટાવીને આકરાં પગલાં લેવાની તેમણે માંગણી કરી હતી.

જો કે મોદીની ડાયરી અને કેલેન્ડરમાં છાપવામાં આવેલી તસવીરો પ્રત્યે પીએમઓ તરફથી નારાજગી વ્યક્ત કરતા આ બાબતે તસવીરો છાપવાની અનુમતી કોણે આપી તે બાબતે તપાસ આરંભી છે. અનેક એવી યોજનાઓ છે જેમાં પીએમઓ ઓફીસની પરવાનગી વગર વડાપ્રધાનની તસવીરો છાપી નાંખવામાં આવે છે.પરંતુ તે માટે પીએમઓ ઓફીસની પરવાનગી આવશ્યક મનાય છે.

## રણજી ટ્રોફીમાં ગુજરાત પ્રથમ વાર ઐતિહાસિક વિજય સાથે ચેમ્પિયન બની



રણજી ટ્રોફીમાં ગુજરાતની ટીમે ઐતિહાસિક વિજય મેળવીને ચેમ્પીયન બની હતી.રણજી ટ્રોફીમાં ૪૧ વાર ચેમ્પિયન બનેલી મુંબઇની ટીમને ગુજરાતે પ્રથમ વાર હરાવી હતી અને પ્રથમ વાર રણજી ટ્રોફીનું ટાઇટલ જીત્યું હતું.ગુજરાતની ટીમના કેપ્ટન પાર્થિવ પટેલે જીત માટે ૧૪૩ રનની શાનદાર રમત દાખવી અને ગુજરાતની જીત માટેનો લક્ષ્યાંક પાર પાડ્યો હતો.જીસીએ તરફથી ગુજરાત રણજીની ટીમને બે કરોડના પ્રોત્સાહક ઇનામ ફાળવ્યા હતા.

ગુજરાત રણજીની ટીમના કેપ્ટન પાર્થિવ પટેલે ફાઇનલમાં વિજેતા બન્યા બાદ રણજી ટ્રોફી સ્વીકારી હતી.

## ભારત દુનિયાનો સૌથી શક્તિશાળી પાસપોર્ટની યાદીમાં ૭૮માં સ્થાને

દુનિયાભરમાં સૌથી વિશાળ લોકતંત્ર,સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા અને સૌથી વિવિધતાપુર્ણ સંસ્કૃતિ તરીકે તો ભારતની શાખ છે જ પણ દુનિયામાં સૌથી શક્તિશાળી પાસપોર્ટની યાદીમાં દેશનો પાસપોર્ટ ૭૮માં સ્થાને છે.વર્ષ ૨૦૧૭ની ગ્લોબલ પાસપોર્ટ ઇન્ડેકસની યાદી જાહેર થઇ છે જેમાં ભારતીય પાસપોર્ટનું સ્થાન ૭૮ ક્રમે છે.પ્રથમ સ્થાને યુરોપિયન દેશ જર્મની છે જેનો પાસપોર્ટ વિશ્વમાં સૌથી શક્તિશાળી છે અને તેનો વિઝા સ્કોર ૧૫૭ છે.

સૌથી શક્તિશાળી પાસપોર્ટના ગ્લોબલ રેકિંગમાં ભારતનો વિઝા ફ્રી સ્કોર ૪૬ છે. જેના પર તેનો દુનિયામાં ૭૮મો શક્તિશાળી પાસપોર્ટ માનવામાં આવે છે.જ્યારે દક્ષિણ એશિયન દેશોમાં દક્ષિણ કોરિયાને પાછળ રાખી સિંગાપોર ૧૫૬ વીઝા ફ્રી સ્કોર સાથે સૌથી શક્તિશાળી પાસપોર્ટની યાદીમાં સ્વીડનની સાથે બીજા ક્રમે છે.

એશિયન દેશોમાં ચીનનું રેકિંગ ભારતથી વધુ છે અને તે ૫૮ વિઝા ફ્રી સ્કોર સાથે ૬૬માં સ્થાને છે. ગ્લોબલ યાદીમાં પાકિસ્તાન ભારત કરતાં ઘણાં નીચાના સ્થાને એટલે કે ૯૪માં સ્થાને છે અને તેનો સ્કોર ૨૬ છે. આ રીતે જોવામાં આવે તો આ યાદીમાં તે નીચેથી બીજા સ્થાને છે. કેમકે સૌથી ઓછો શક્તિશાળી પાસપોર્ટ અફઘાનિસ્તાનનો છે અને તે ૨૩ વિઝા ફ્રી સ્કોર સાથે ૯૫માં સ્થાને અને અંતિમ સ્થાન પર છે.

## એટીએમ પર કતારો ઘટી પરંતુ મશીનોમાં રોકડ અછત હજુ પણ છે

નોટબંધી પછી બે મહિનાનો સમય વિતી ગયો છતાં દેશમાં અનેક એટીએમનો બહાર કતારો ઓછી થઇ છે પરંતુ મોટાભાગના મશીનોમાં રોકડની અછત છે.પરંતુ જ્યાં રોકડ છે ત્યાં આસાનીથી પૈસા કાઢી શકાય છે.હવે પહેલા કરતાં પરિસ્થિતિ સારી છે જો કે કતારો જોવા મળતી નથી.બેકમાં પણ રોકડ ઉપલબ્ધ બની છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૯- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઇ શકાશે

# નવ ક્રાંતિ

તાજેતરમાં સીમા સુરક્ષાદળના જવાન યાદવે કાશ્મીરમાં પાકિસ્તાનની સરહદ નજીક,બરફ આચ્છાદિત પર્વતમાળા વચ્ચે મોબાઈલ ફોનથી શુટ કરેલી વિડીયો ક્લિપની શુખલાએ દેશભરમાં ચકચાર મચાવી.વીડીયો ક્લીપ જોઈને સરકાર જાગી,ગૃહમંત્રી,વડાપ્રધાને તાકીદે રીપોર્ટ માંગ્યો.વીડીયો ક્લીપમાં જવાને જે કહ્યું તે મુજબ સવારે નાસ્તામાં બળેલી રોટલી અટધી અને ચા અપાય છે.બપોરે લંન્ચમાં માત્ર હળદર અને મીઠુ નાંખેલી દાળ અને રોટી અપાય છે.ખોરાકનો આ રોજનો ક્રમ છે.ક્યારેક રાત્રે ભુખ્યા સુઈ જવું પડે છે.ખરેખર દયાજનક સ્થિતિ છે આપણા જવાનોની જે આપણા માટે રાતદિવસ સરહદો પર ચોકી પહેરો કરીને પોતાનો જાન જોખમમાં મુકે છે.કાશ્મીરમાં આંતકી હુમલાઓમાં આપણે કેટલા બધા જવાનો ખોયા છે.જો આવો જ ખોરાક આપવાનો હોય તો પછી એનો મતલબ શું છે.

સરકાર સામે કોઈ સવાલો નથી.સવાલો માત્ર સુરક્ષાદળના અધિકારીઓની સામે છે.દેશની આઝાદી પછીના કાળમાં મોટા લશ્કરી કૌભાંડો જ થયા છે અને શસ્ત્રો ખરીદીમાં અબજો રુપીયાની કટકી થઈ હોવાના સમાચારો ગાજ્યો છે. તેમાં લશ્કરી અધિકારીઓની સંડોવણી બહાર આવી સાથે સાથે રાજકારણી સત્તાધારીઓની સંડોવણી માલુમ પડી છે.

યાદવના કુટંબીજનો એ ફરિયાદ કરી કે વીડીયો પ્રસિધ્ધ થયા પછી કુટુંબીજનોનો યાદવ સાથેનો સંપર્ક કપાઈ ગયો છે.ટોચના અધિકારીઓએ યાદવને ઉતારી પાડતાં નિવેદનો તત્કાળ બહાર પાડ્યા છે.યાદવને ગુનેગાર બતાવવા માટે પાયાવિહોણા આક્ષેપો અને આરોપો મુકવામાં આવ્યા છે.

સવાલ એ છે કે યાદવ જેવા સામાન્ય સિપાઈએ દેશની સુરક્ષા સામે કોઈ અડચણ કે કોઈ છીંડા છે તેવા કોઈ આરોપો લગાવ્યા નથી.માત્ર સુરક્ષા કર્મીઓને મળતો ખોરાક બરાબર નથી.સાથે તેણે તેના વીડીયો પણ મુક્યા છે જે સાબિતી આપે છે કે યાદવની ફરિયાદમાં તથ્ય છે.

દેશની ફેર પ્રાઈસ શોપ જેને આપણે રેશનીંગની દુકાનો કહીએ છીએ તેમાં સરકાર દ્વારા ગરીબોને અપાતાં અનાજ, કેરોસીન વિગેરેનો પુરતો જથ્થો આપવામાં આવે છે અને તેના પુરતા રેકોર્ડ સરકાર પાસે ઉપલબ્ધ છે.પરંતુ લોકોના નસીબમાં આ જથ્થો પુરતા પ્રમાણમાં પહોચતો નથી. જેમને મળે તે એમનું નસીબ.લોકો દિવસો સુધી કેરોસીન,ઘઉ, ચોખા માટે વલખાં મારતાં બેસી રહે છે.દુકાનો કહો કે સરકારી અધિકારીઓની મીલી ભગતને કારણે ગરીબો માટેનો જથ્થો બારોબાર વગે થઈ જાય છે.દોષિત સરકારને માનવા માટે કોઈ કારણ નથી.માત્ર એટલું જ કહી શકાય કે પુરવઠો પુરો પાડે છે પરંતુ લોકો સુધી તે પહોચે છે કે નહીં તે જોવાનું કામ સરકરા કરતી નથી.

હવે જ્યારે યાદવ તરફથી યોગ્ય ખાવાનો ખોરાક મળતો નથી તો તે માટે જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવાય અથવા તો એવા તટસ્થ લોકો કે સમિતિ દ્વારા તેની જાંચ પડતાલ થાય તે જરુરી છે.જેમના માથે આપણે આપણી સલામતીની જવાબદારી થોપી દીધી છે તેમને પુરતા પ્રમાણમાં પોષણ અને યોગ્ય આહાર મળી રહે તે જોવાની જવાબદેહી સરકારની તો બને છે.એનડીએની સરકારના શરુઆતના સમયમાં લશ્કરના લોકોના પેન્સન માટેનો મુદ્દો ચગ્યો હતો અને તેનું યોગ્ય સમાધાન શક્ય બન્યુ કે નહી પરંતુ હાલમાં તે મુદ્દો અભરાઈ પર ચઢી ગયો છે.આર્મી ચીફ દ્વારા હવે કોઈપણ ફરિયાદ તેમને સીધી કરવાની રહેશે અન્યથા કોઈ સોશ્યલ મીડીયામાં તે દેખાશે તો તે વ્યક્તિ સામે લશ્કરી શિસ્તના કડક પગલાં લેવાની વાત તેમણે કરી છે. લશ્કરી શિસ્ત બતાવીને પાયા હક્કો ન આપવા તેવો આદેશ વધારે પડતો નહી કહેવાયને !




## વિનંતી

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


# નોટબંધીનો નિર્ણય સરકારની સલાહને આધારે રિઝર્વ બેન્કે લીધો હતો

નોટબંધીનો નિર્ણય કોણે લીધો,કોણ લઈ શકે અને તેના પરિણામો અંગે વિચારણા થઈ હતી કે કેમ વિગેરે વિગેરે સવાલો થવા લાગ્યા છ.નોટબંધી અંગે આખા દેશમાં જ્યારે વિરોધ જાગ્યો ત્યારે આ નિર્ણય આરબીઆઈ નહી પણ સરકાર દ્વારા જ લેવામાં આવ્યો હતો તેવી વિગતો પ્રકાશમાં આવી છે.સંસદની નાણાં સમિતિને આપેલા જવાબમાં આરબીઆઈએ કહ્યું હતું કે સરકારે તેને ૭ નવેમ્બરે નોટબંધી અંગે વિચારવા સલાહ આપી હતી. અને આરબીઆઈ બોર્ડે તા.૮મી નવેમ્બરે તેને મંજુર કરી હતી.આ પછી થોડાક કલાકોમાં જ પીએમ દ્વારા નોટબંધીની જાહેરાત કરવામાં આવી હતી.. આમ સરકારની સલાહને આધારે આરબીઆઈએ નોટબંધીની ભલામણ કરી હતી.નાણાં અંગેની સંસદીય સમિતિને મોકલેલી નોંધમાં આ ખુલાસો કરાયો હતો.

રિઝર્વ બેન્કના કેન્દ્રીય બોર્ડ દ્વારા રુ.૨૦૦૦ની નવી નોટો છાપવા માટે મે-૨૦૧૬માં મંજુરી આપવામાં આવી હતી. જો કે આરબીઆઈ દ્વારા ઓગષ્ટ મહિના સુધી આ વાત ગુપ્ત રાખવામાં આવી હતી.જ્યારે રુ.૨૦૦૦ની નોટ છાપવાનો નિર્ણય લેવાયો હતો ત્યારે રુ.૫૦૦ અને રુ.૧૦૦૦ની નોટ રદ કરવાનો કોઈ પ્રસ્તાવ રખાયો ન હતો.

પોતાનો કાર્યકાળ પુરો થયો તે પહેલાં તત્કાલીન આરબીઆઈ ગર્વનર રઘુરામ રાજને સરકારને રુ.૫૦૦ની નોટ રદ નહીં કરવાનો પત્ર લખ્યો હતો કે કેમ તેનો જવાબ આપવાનો આરબીઆઈએ ઈન્કાર કર્યો હ તો.

# નોટબંધીનું પગલું ભયાનક, ભારતીય અર્થતંત્ર સંકટમાં : ન્યુયોર્ક ટાઇમ્સ

ભારત સરકાર દ્વારા લેવામાં આવેલું નોટબંધીનું પગલું ભયાનક છે.અને નોટબંધી પછી ભારતીય અર્થતંત્ર બારે મુશ્કેલી વેઠી રહ્યું છે તેવું અમેરિકન અખબાર ન્યુયોર્ક ટાઈમ્સ દ્વારા જણાવાયું છે.રોકડની અછતને કારણે ભારતીયોના જીવનમાં પરેશાની વધી હોવાનો તેના તંત્રી લેખમાં દાવો કરાયો છે.અખબારે તેની એડીટમાં લખ્યું છે કે ભારતમાં રુ.૫૦૦ અને રુ.૧૦૦૦ની નોટો રદ કરવાની ભયાનક યોજના બનાવવામાં આવી અને તેનો અમલ કરાયો હતો.પણ આને કારણે ભ્રષ્ટાચાર પર અકુશ આવ્યાના કોઈ પુરાવા મળતા નથી.

ભારત સરકાર દ્વારા સૌથી વધુ ચલણમાં ફરતી મોટી નોટો રદ કર્યાના બે મહિના પછી ભારતનું અર્થતંત્ર મુશ્કેલ તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે.ઈન્ફાસ્ટ્રક્ચર ક્ષેત્રે મંદી છે. રીયલ એસ્ટેટ ક્ષેત્રે મકાનોનું તેમજ કારોનું વેચાણ ઘટ્યું છે.ખેડુતો અને દુકાનદારો તેમજ અન્ય ભારતીયોના જણાવ્યા મુજબ રોકડની અછતને કારણે લોકોનું જીવન હાલાકીમાં મુકાયું છે.

## જાણવા જેવું !

વિશ્વના પ્રથમ મહીલા પ્રધાનમંત્રી બનવાનું ગૌરવા શ્રીલંકાના શ્રીમતી ભંડારનાયકને મળે છે.

દરિયાઈ મુસાફરી માટે ઉપયોગમાં લેવાતા સૌથી વિશાળ જહાજ તરીકે ૧૯૩૮માં નિર્માણ પામેલું ક્વીન એલિઝાબેથ ક્રુઝ લાઈનર હતું.

૧૮૬૮માં બ્રિટીશ રેલરોડ સિગ્નલ એન્જીનીયર જે.પી.નાઈટે ટ્રાફિક સિગ્નલની શોધ કરી હતી.

# નવા ક્યુઆર કોડ સાથે પાનકાર્ડ નવા લુકમાં જોવા મળશે

દેશના કરદાતાઓને પાનકાર્ડ હવે નવા લુકમાં જોવા મળશે. પહેલાંના પાનકાર્ડની ડીઝાઈનમાં ફેરફાર કરીને નવા પાન કાર્ડમાં નવો ક્યુઆર એટલેકે ક્વીક રિસપોન્સ નંબર દાખલ કરાયો છે.આ નંબર આવ્યા પછી ઈન્કમટેક્ષ વિભાગ કરદાતાઓના તમામ નાણાંકીય વ્યવહારો તેમજ સેન્ટ્રલ સર્વરમાં જોઈ શકશે.એટલું જ નહીં, નવો ક્યુઆર કોડ આવ્યા પછી ડુપ્લીકેટ પાનકાર્ડ નીકળી શકશે નહીં.નેશનલ સિક્યુરીટી ડીપોઝીટરી લી.ઈ ગર્વનન્સ ઈન્ફાસ્ટ્રકચર લી. પાનકાર્ડ ઈસ્યુ કરવા અંગેની સર્વીસનો પ્રોજેક્ટ હાથ ધર્યો છે.

પહેલાના પાનકાર્ડમાં એપ્લીકેશનનું નામ અને પિતાના નામ ડાયરેક્ટ પ્રિન્ટ થઈને આવતું હતું. હવેથી એપ્લીક્નન્ટ નેમ, ફાધર નેમ,ભર્થ ડેટ, એવું લખાઈને આવશે અને તેના નીચે નામ લખેલું આવશે. કરદાતાનો ફોટો કાર્ડમાં જે જગ્યાએ હોય છે તે ત્યાં રહેશે તેમાં કોઈ ફેરફાર નથી.પણ નવા પાનકાર્ડની ડીજીટલ ડિઝાઈન બનાવવામાં આવી છે. અરજી કરનારની સહીની જગ્યા કાર્ડમાં બદલાઈ છે.પાનકાર્ડ નંબર કાર્ડમાં નીચેની સાઈડમાં લખાતો હતો તે ઉપરની સાઈડમાં વંચાય તેમ લખાશે.જાન્યુ.૧થી નવો ફેરફાર લાગુ પડે તે રીતે જાહેરાત કરાઈ છે.નવી ડીઝાઈન આવકવેરા વિભાગે મંજુર કરી છે. દેશમાં હાલમાં ૨૫ કરોડ લોકો પાનકાર્ડ ધરાવે છે.ગુજરાતમાં ૧.૨૫ કરોડ લોકો પાનકાર્ડ ધરાવે છે.ક્યુઆર કોડ સિસ્ટમ આવી જતાં ડુપ્લીકેટ પાનકાર્ડ નીકળશે નહીં પણ નવા પાનકાર્ડમાં એક જ મહત્વનો ફેરફાર છે.

# અમેરીકાએ એચ-વન બી વિઝાના કડક નિયમો બનાવવાથી નોન આઇટી કર્મીઓને પણ અસર થશે

અમેરીકા દ્વારા એચ--વન બી વિઝાધારકો માટેના નિયમો કડક બનાવતાં ફક્ત આઈટી પ્રોફેશનલ્સ જ નહીં પણ સંખ્યાબંધ નોટ આઈટી કર્માચારીઓ ને પણ માઠી અસર થશે.અન્ય સ્કીલ્ડ વર્કસ જેવાકે માર્કેટ રિસર્ચ એનાલિસ્ટથી માંડીને ફાઈનાન્સીયલ એડવાઈઝર,વેબ ડેવલપર્સ,શિક્ષકો,આર્ટીસ્ટ,મેડીકલ ફિલ્ડના લોકો પેરામેડીકલ ફિલ્ડના લોકો તેમજ અન્ય સંખ્યાબંધ લોકોનું અમેરિકા જવાનું અને ત્યાં સ્થાઈ થવાનું સપનું સાકાર થશે નહીં. કારણમે જે લોકો ૧ લાખ ડોલરથી વધુ પગાર મેળવતા નથી તેમને માટે વિઝા મેળવવા મુશ્કેલ છે. હાલમાં મોટાભાગના લોકો ૬૦ હજાર ડોલરથી એક લાખ ડોલર સુધીની કમાણી કરતા હોય છે. હવે આ વિઝા માટેની લઘુતમ મર્યાદા ૬૦ હજાર ડોલરથી વધારીને ૧ લાખ ડોલર કરવામાં આવી છે.તેમજ માસ્ટર્સ ડીગ્રી પણ ફરજીયાત કરાઈ હોવાથી વિઝા મેળવવા માટે મુશ્કેલ થશે

# ભાજપ શાસિત રાજ્યોમાં દારુબંધી લાવવા નીતિશનો અનુરોધ

બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે ભારતીય જનતા પાર્ટી શાસિત પ્રદેશ - રાજ્યોમાં દારુબંધી દાખલ કરવા અનુરોધ કર્યો હતો.તેમણે વડાપ્રધાન મોદીને અનુરોધ કરતાં કહ્યુ હતું કે સમગ્ર દેશમાં શરાબ પર પ્રતિબંધ માટે સાનુકુળ વાતાવરણ ઉભુ કરવા માટે આ જરુરી છે.ઉલ્લેખનીય છે કે હાલમાં બંન્ને નેતાઓ વચ્ચે સારી એવી સહિષ્ણુતા ચાલી રહી છે.જો કે વડાપ્રધાન આ બાબતે સંમત થાય તે જરુરી નથી.ભાજપ શાસિત અનેક રાજ્યો દારુબંધીની હિમાયત કરતાં નથી.

# બંધારણના ઘડવૈયા ડો.બાબાસાહેબ આંબેડકર માત્ર દલિતોના નેતા નહી પરંતુ સમગ્ર દેશના નેતા હતા

બાબા સાહેબ આંબેડકરને માત્ર તેમને યાદ કરીને તેમનો આદર કરાય તેની સાથેતેમને લોકશાહીના મુળભુત આધારસ્તંભ ગણાતા બંધારણના મહાન ઘડવૈયા તરીકે તેમનું નામ લેવાય તે જરુરી છે.તેઓ પ્રજાતંત્રના સેનાની હતા.તેઓ પ્રજાના હ્રદયમાં હતા કે તેમની પાછળ મોટો સમુદાય હતો તેથી તેમનુ નામ વધુ સંભળાય છે. આજકાલ તેમનુ ના ચર્ચામાં છે કારણકે ચુંટણીઓમાં દલિતોના વોટ લેવાના છે, તેની પાછળ માત્ર રાજકીય કુનેહનું કારણ છે. આ નામ દ્વારા તેમની જ્ઞાતિ સમુદાયના વધુ મતનો તેમની તરફેણમા કરી શકાય તેવી વિચાર સરણીમાં રાચનારા તેમને એનકેશ કરવામાં પડ્યા છે.

ખરેખર દેશના બંધારણ મુજબ અનુસુચિત જાતિ અને જનજાતિઓને અનામત મળી. આ બંધારણસભામાં ડો.આંબેડકર ઉપરાંત ઘણીબધી જ્ઞાતિઓના નેતા હતા. અને સૌની ઈચ્છાથી દલિતો્ને આદિવાસીઓના વ્યાપક હિતાં બંધારણે અનામતો સ્વીકારી હતી.છતાંય આજેય બિનઅનામત જ્ઞાતિ સમુદાયોની નારાજગીનો ભોગ માત્ર આંબેડકર જ ને બનવું પડે છે.આઝાદી પછી આ બે વર્ગોને વિકાસના મીઠા ફળ ચાખવા મળે તે માટે બંધારણમાં જોગવાઈ થાય તે હેતુસર ડો.આંબેડકર કોગ્રેસમાં ના હોવા છતાં ગાંધી-સરદારના આગ્રહથી અને કેટલાકની નારાજગી અને નાપસંદગી વચ્ચે ડો.આંબેડકરને બંધારણસભામાં સ્થાન આપીને તેની અતિ મહત્વની મુસદા સમિતિનું અધ્યક્ષપદ સોંપવામાં આવ્યું.વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશ માટે બંધારણ ઘડવામાં જેમની સૌથી મહત્વપુર્ણ ભુમિકા હતી તે ડો.બાબાસાહેબ આંબેડકર કોગ્રેસમાં ન હતા એટલે બંધારણ મુજબ રચાયેલી પ્રથમ સંસદની ચુંટણીમાં તેમની હાર કોગ્રેસના સામાન્ય ઉમેદવાર સામે થઈ હતી.તેને દેશનું દુર્ભાગ્ય કહેવાયું હતું.પરંતુ ૧૯૪૭ના પહેલા મંત્રીમંડળનામ કોગ્રેસી ન હોવા છતાં તેમને કાનુનીમંત્રી તરીકે સ્થાન મળ્યું તે દેશનું સદભાગ્ય હતું.તેમણે હિંદુ કોડ બિલ પસાર ન થવાને કારણે કાનુન મંત્રી તરીકે રાજીનામું આપ્યું હતું.

ડો.બાબાસાહેબ આંબેડકરને માત્ર દલિતોના નેતા કહેવા એ તેમના બહુમુખી વ્યક્તિત્વને ભારે અન્યાય કરવા સમાન છે.પરંતુ આજકાલ બાબાસાહેબને દલિતોના મસીહા ગણાવીને જે તે પાર્ટીઓ દલિતોના મતો અંકે કરવા માટે ઝુંબેશ ચલાવે છે.બાબાસાહેબને માત્ર સમાનતા સેનાની કહેવા તે લેશમાત્ર યોગ્ય નથી. હા, તેમના જીવનનું ધ્યેય અને મુખ્ય જીવનકાર્ય એ જરુર હતું કેમકે તેમને માત્ર સમાનતા અને બંધુભાવ વિનાની સ્વતંત્રતાનો કોઈ અર્થ નહોતો એટલે જ ગાંધી પણ આઝાદીની સાથે આબાદી ઈચ્છતા હતા.

દેશની બંધારણસભામાં ડો.આંબેડકરનું અંતિમ પ્રવચન તેમને માત્ર બંધારણ જ નહીં પણ પ્રજાતંત્રના ઘડવૈયા બનાવે છે.આ પ્રવચનમાં તેમણે બંધારણ ઘડવામાં લાગેલા સમયથી લઈને તેને લગતી આલોચનાઓનો તર્કબધ્ધ રીતે હકીકતો અને ઉદાહરણો સાથે છતાં અત્યંત નમ્રતાથી વિવેકપુર્ણ જવાબ આપ્યો છે અને બંધારણ ઘડતરનું શ્રેય પોતે લેવાને બદલે મોટાથી માંડીને નાનામાં નાના અધિકારીઓ અને સાથીઓનો ઉલ્લેખ કરીને તે સૌનો આભાર માન્યો હતો.તેમણે કહ્યું કે બંધારણે જનતાને બંધારણમાં સંશોધન કરવાનો અધિકાર આપ્યો છે.બંધારણ સભાએ બંધારણ અંગે અંતિમ અપરિવર્તનશીલતાની મહોર મારી નથી.એટલું જ નહીં. પણ સંશોધનની સુવિધાજનક જોગવાઈ ભાવી પેઢી માટે રાખી છે.

જો કે બાબા સાહેબના આ વિચારોનો દુરપયોગ કરવા માટે કેટલાક રાજકીય પરિબળોએ પ્રયત્ન શરુ કર્યા.હવે આ પરિબળો લોકતાંત્રિક સંસ્થાઓને જ મટાડવા માંગે છે.ત્યારે પ્રજાએ જાગૃત બનવાની જરુરીયાત છે તેજ સાચી અંજલિ ડો.બાબાસાહેબને આપી



ગણાશે.

જો ખરેખર દલિતોએ બાબાસાહેબના આર્દશોને અનુકુળ એવી ભાવના પ્રગટ કરવી હોય તો તેમણે બાબાસાહેબના નામે ચરી ખાવા આવતા રાજકારણીઓને તેમનો રસ્તો દેખાડી દેવો જોઈએ.આંબેડકરના નામે અને દલિતોના નામે દેશમાં અનેક રાજકારણીઓ બે પાંદડે થઈ ગયા છે.તેમણે દલિતોની કોઈ દરકાર કરી નથી.

મણીભાઈ પટેલ

(સૌ.સંદેશ)ના લેખને આધારે


જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386



ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

નવક્રાન્તિ સાપ્તાહિક

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬



જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# બર્ડ ફલુના પોઝીટીવ રીપોર્ટ બાદ અ.મ્યુ.કો અને પશુપાલન વિભાગની ઘોર બેદરકારીને કારણે પરિસ્થિતિ ગંભીર

અમદાવાદ નજીક આવેલા હાથીજણ ખાતે બર્ડ ફલુના કેસો મળી આવ્યા બાદ મેમનગરના મરઘાનો બર્ડ ફલુનો રીપોર્ટ પણ પોઝીટીવ આવ્યો.અમદાવાદ જિલ્લા કલેકટર તંત્ર, અમદાવાદ મ્યુ.કોરપો. અને પશુપાલન વિભાગની બેદરકારીને કારણે પરિસ્થિતિ બગડી રહી છે.મેમનગર ખાતેના મરઘાનો રીપોર્ટ પોઝીટીવ આવતાં સંસ્થાના પરિસરને ઘેરીને વૈજ્ઞાનિક ઢબે પક્ષીઓને મારવાની પ્રક્રિયા ચાલુ કરવામાં આવી.પરંતુ સૌથી મહત્વનો પ્રશ્ન એ છે કે ૨ જી જાન્યુ.હાથીજણમાં શંકાસ્પદ ગણાવાયેલા મરઘાંમાંથી મેમનગર ૨૦૦ જેટલા મરઘાઓ લાવવામાં આવ્યા હતા.જ્યારે હાથીજણ-વસ્ત્રાલના મરઘાઓનો રીપોર્ટ પોઝીટીવ દેખાયો ત્યારથી તંત્રે મેમનગરના મરઘાઓ માટે સજાગ થવાની જરુરીયાત હતી. પરંતુ તંત્રએ તસ્દી લીધી નથી.હવે મેમનગરનો એક કી.મી.નો વિસ્તાર ઈફેકટેડ ઝોન તરીકે જાહેર કરીને તંત્રે જાગતું હોવાનો દાવો કર્યો છે.પંરતું છેલ્લા ૧ ૨ દિવસ સુધી સંક્રમિત પક્ષીઓ ત્યાં રહ્યા અને કોઈ પગલાં લેવાયા નહીં તે ખુબજ અજુગતું છે.

સાઉથ ગુજરાતમાં આવેલા દમણના વિસ્તારમાં પણ સરકારે પગલાં લેવાના ચાલુ કર્યા છે.હજુ અમદાવાદમાં ચારેબાજુ ચિકન,ઈંડા વિગેરે ધુમ વેચાય છે અને તવાઓ પર આરામથી લોકો જયાફત ઉડાવતા રહે છે. તંત્રે હજુ પણ જાગવાની જરુર છે.બર્ડ ફલુની અસરો વધુ પ્રસરસે તો અમદાવાદમાં ભારે મુશ્કેલ પરિસ્થિતિનું નિર્માણ થઈ શકે છે. તંત્રે હજુ પણ જાગવાની જરુર છે અને પરિસ્થિતિ પર કંન્ટ્રોલ કરવાની જરુરીયાત છે.

# હવે મિત્રો બોલીએ તે સાથે જ લોકો ભાગવા લાગે છે : ઉદ્દવ ઠાકરે

શિવસેનાના પ્રમુખ ઉદ્દવ ઠાકરેએ એક કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીનું નામ લીધા વગર જ તેમના પર વેધક ટિપ્પણી કરતાં કહ્યુ હતુ કે આજકાલ હિન્દીમાં ભાષણ આપવાનું અઘરુ થઈ ગયું છે. પહેલાં મિત્રો સાથે ભાષણની શરુઆત થતી હતી. પરંતુ હવે મિત્રોનું નામ સાંભળતા જ લોકો ઉભા થઈને ભાગવા માંડે છે.લોકો સતર્ક થઈ જાય છે.

દક્ષિણ મુંબઈની એક ફાઈવ સ્ટાર હોટલમાં કમલ મોરારકાના પુસ્તક રોઅર ના વિમોચન પ્રસેગે ઉધ્થવ ઠાકરેએ પ્રશ્ન કર્યો હતો કે આપણે કેવા પ્રકારનો વિકાસ



ઈચ્છીએ છીએ.લીલાછમ વૃક્ષો કાપીને તેની જગ્યાએ હવા શુધ્ધ કરવા માટેના મશીનો લગાવી રહ્યા છીએ.


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧




## મેકડોનાલ્ડની વેટીકન બ્રાંચે ઘરવિહોણા લોકોને મફત ખાવાનું આપવાની ઓફર કરી

મેકડોનાલ્ડની વેટીકન બ્રાંચે રોમમાં આવેલી વીયા ડીલા કોનસીલાઈઝેની સ્ટ્રીટ,ઈટાલીમાં વેટીકન સીટી સામે સેંટ પીટર્સ સ્કેર ખાતે વિહોણા લોકોને પોતાના તરફથી ખાવાનું આપવાની ઈચ્છા ધરાવી હતી.મેકડોનાલ્ડની બ્રાંચ જે વેટીકનની નજીકમાં છે  તેને ગત મહિને પોતાની ખોલેલી બ્રાંચ માં પુષ્કળ મોટો આવકાર મળ્યો હતો.પરંતુ તેમણે તાજેતરમા ૧૦૦૦ જેટલા લોકોને કે જેઓ ઘરવિહોણા છે તેમને ભોજન આપ્યુ હતું તે પુરતું નથી.ગત સપ્તાહમાં ઈટાલીયન ચેરીટી મીડીસીના સોલીડાલી એ ફુડ અને શેલ્ટર ઘરવિહોણા લોકોને પુરા પાડ્યા હતા.તેમણે એક ચર્ચને ટેમ્પરરી ધોરણે ઘરવિહોણાઓ માટે શેલ્ટરમાં પરિવર્તિત કર્યુ હતું.જેમાં ડોકટર્સ અને વોલેન્ટીયર્સની સેવાઓ પણ ઉપલબ્ધ કરાઈ હતી.જીએસ ના એક પ્રેસ અધિકારીએ કહ્યુ હતું કે મેકડોનાલ્ડનો ચેરીટી પ્રોજેક્ટ આવવાથી કામ સરળ બન્યું છે.તેમણે મેકડોનાલ્ડને કહ્યુ હતું કે કોઈપણ વિવાદમાં ઉતર્યા વગર જો તૅઓ સેંટ પીટર્સ ખાતેના ઘરવિહોણાઓને મદદ કરી શકે તો સારુ છે.અને મેકડોનાલ્ડનો જવાબ હકારમાં પ્રાપ્ત થયો હતો.

ફાસ્ટ ફુડ ચેઈન પ્રોવાઈડર તરફથી ૧૦૦૦ ફુડ પેકેટસ અપાયા હતા તેમાં ડબલ ચીઝબર્ગર,એક એપલ અને પાણી હતું.તેઓ હજુ બીજા ૫૦ પણ આપશે.શેરીઓમાં સકડો પર રહેલા લોકોને આ મદદ કારણે સહાયતા મળશે. જો કે કેટલાક કોમ્યુનીટી ગ્રુપ તરફથી મેકડોનાલ્ડની મદદ માટે વિરોધ કરવામાં આવ્યો હતો. સેફગાર્ડ ધ બોર્ગો તરફથી કહેવાયું હતું કે મેકડોનાલ્ડ ફાસ્ટ ફુડ ચેઈન તરફથી ઘરવિહોણા લોકોને અપાતાં ફુડ પેકેટસ એક્સપ્લોઈટીંગ કરનારા છે.જો કે ગાર્ડીયને મેકડોનાલ્ડની આ પ્રવૃત્તિને કોર્મશીયલ ટ્રાન્સેકશન ગણાવ્યુ હતું.

## મિશનરી ઓફ ચેરીટી સંસ્થા બાળકોને દત્તક આપી શકશે નહીઃ  દત્તકની માન્યતા રદ કરતો નિર્ણય લેવાયો

૮૫ ટકાથી વધુ કુંવારી માતાના બાળકોનું ઉછેર કરતી અમદાવાદના નવા વાડજની મિશનરી ઓફ ચેરીટી સંસ્થા સહિત કુલ ત્રણ સંસ્થાઓની દેશમાં બાળકો દત્તક આપવાની માન્યતા રદ કરતો નિર્ણય ગુજરાત સરકારે લીધો છે.આ નિર્ણયને પગલે હવે આ સ્વેચ્છીક સંસ્થાઓ બાળકોને દત્તક આપવાની કોઈ જ પ્રક્રિયા કરી નહીં શકે. ગેરરીતીના કારણસર કે પછી અન્ય કોઈ કારણોસર આ નિર્ણય લેવાયો છે તેના વિશે કોઈ ફોડ પાડવામાં આવ્યો નતી.રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગે એવો નિર્ણય કર્યો છે કે અમદાવાદના નવા વાડજ સ્થિત મિશનરી ઓફ ચેરીટી,સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ સ્થિત વિકાસ વિદ્યાલય તેમજ સુરત સ્થિત મહાજન અનાથ બાલાશ્રમ એમ કુલ ત્રણ સંસ્થાઓને દેશમાં બાળકો દત્તક આપવાની માન્યતા રદ કરવામાં આવે છે.બાળકો દત્તક આપવાની માન્યતા રદ કરવા માટે સમાજ સુરક્ષા વિભાગના નિયામકે દરખાસ્ત મુકી હતી. જેની પર વિચારણા કર્યા બાદ સરકારે નિર્ણય જાહેર કર્યો છે.મિશનરી ઓફ ચેરીટી સંસ્થામાં ૮૫ ટકા બાળકો કુંવારી માતાઓના હતા. જે પૈકી ૬૦ ટકા સરકારી અધિકારીઓ કે કર્મચારીઓ થકી બનતી કુંવારી માતાના સંતાન હોવાનો રિપોર્ટમાં ઘટસ્ફોટ થયો હતો.

### નવજોત સિધ્ધુએ અમૃતસરમાંથી ઉમેદવારી ફોર્મ ભર્યું

ભારતીય જનતા પાર્ટી છોડીને કોગ્રેસમાં દાખલ થયેલા ક્રિકેટર નવજોત સિધ્ધુએ કોગ્રેસ પક્ષની ટીકીટ પર અમૃતસર પરથી ઉમેદવારી ફોર્મ ભર્યુ છે.ફોર્મ ભર્યા પછી મીડીયા સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે તેઓ કોઈ પદ મેળવવા માટે ચુંટણી લડી નથી રહ્યા તેમણે કહ્યું હું મારા માટે ચુંટણી લડતો નથી કે મારે કોઈ પદ જોઈતું નથી.મારા માટે પંજાબ જળવાઈ રહેવું જોઈએ એજ જરુરી છે.

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.
અમી સર્જીકલ
જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

## ચુંટણી પંચે ભાજપી સાંસદ સાક્ષી મહારાજને વિવાદાસ્પદ ટિપ્પણી બદલ ઠપકો અને ચેતવણી આપી

ભાજપના વિવાદાસ્પદ ટિપ્પણીઓ માટે જાણીતા સાંસદ સાક્ષી મહારાજે તાજેતરમાં કરેલી ૪ પત્ની અને ૪૦ બાળકોવાળી ટીપ્પણીના સંદર્ભમાં ચુંટણી પંચે ઠપકો આપ્યો હતો. અને ચેતવણી પણ આપી હતી કે જો ફરી તેઓ આચારસંહિતાનો ભંગ કરશે તો પંચ તેની તમામ શક્તિઓનો ઉપયોગ કરશે અને આકરાં પગલાં લેશે.

ચુંટણી પંચે કહ્યુ હતું કે સાક્ષી મહારાજે આપેલો જવાબ તેને સંતોષજનક લાગ્યો નથી. કારણકે પંચના મતે અને સુપ્રીમ કોર્ટના તારણોને આધારે, ધર્મના આધારે અને ચુંટણી સબંધે અલગ-અલગ સમુદાયો વચ્ચે દુશ્મનાવટ ઊભી કરે તેવું કોઈપણ નિવેદન આદર્શ ચુંટણી આચારસંહિતાનો ભંગ છે.

સાક્ષી મહારાજે ચુંટણી પંચનને આપેલા જવાબમાં કહ્યુ હતું કે તેઓ તેમની ટિપ્પણીને વળગી રહે છે અને આ નિવેદન તેમણે કોઈ ચુંટણીની જાહેરસભામાં નહીં, પરંતુ સંતોના કાર્યક્રમમાં કરી હતી.આથી તેનાથી ચુંટણી આચારસંહિતાનો ભંગ થતો નથી.

## પોલીસ કર્મચારી હેલમેટ વગર પકડાય તો સસ્પેન્ડ, ન પકડે તો ટ્રાફિક પોલીસ સામે પણ કાર્યવાહીનો પીસીનો આદેશ

અમદાવાદ શહેરમાં પોલીસ કર્મીઓ હેલમેટ વગર ટુ વ્હિલર ચલાવશે કે તેમની પાછળ બેઠેલી વ્યક્તિ પણ હેલમે ટ નહી પહેરે તો તેમને સસ્પેન્ડ કરી દેવાશે. તેમના વિરુધ્ધ ખાતાકીય તપાસ થઈ શકે છે.અને મેમો વસુલે તેમના વિરુધ્ધ કોર્ટમાં પણ કેસ થઈ શકે છે.આ કડક આદેશ શહેર પોલીસ કમિશ્નર દ્વારા કરાયો છે.એટલું જ નહીં નહી પણ ચાર રસ્તા પર ઊબેલી પોલીસ હેલમેટ વગર પસાર થતાં પોલીસકર્મીઓને દંડ નહીં ફટકારે તો તેવી પોલીસ વિરુધ્ધ પણ કાર્યવાહી કરાશે.આ ઉપરાંત જે તે પોલીસ સ્ટેશનના ઈન્સ્પેકટર પણ પોતના પોલીસ કર્મીઓને હેલમેટ પહેરવા ફરજ નહીં પાડે તો તેમના વિરુધ્ધ પણ કાર્યવાહી કરાશે.

પોલીસ કમિશ્નરે આદેશમાં જણાવ્યુ  છે કે આ અંગે એ.સી.પી અથવા પી.આઈએ ઓચિંતી તપાસ કરવાની રહેશે અને ટ્રાફિક કંન્ટ્રોલ રુમના સીસીટીવીથી પણ પોલીસ પર વોચ રાખવામાં આવશે.

અમદાવાદ પોલીસ કમિશનર એ,કે.સિંઘના આદેશથી અધિક પોલીસ કમિશ્નર ટ્રાફિક સુધીર કુમાર દેસાઈએ તમામ પોલીસ સ્ટેશને એક યાદી મોકલાવી હીત. જેમાં કાયદાનું પાલન કરાવનારા જ કાયદો તોડે તો ? આ બાબતે ગંભીર ચર્ચાઓ થઈ  ત્યાર બાદ પોલીસ કમિશ્નરે હેલમેટ નહીં પહેરનાર પોલીસ કર્મીઓનો સ્થળ પર દંડ લેવાની અને શક્ય હો. તો કોર્ટ કેસની કાર્યવાહી કરવા સુચના મળી છે. ઉપરાંત જે તે વ્યક્તિ વિરુધ્ધ ખાતાકીય તાપસ અને તાત્કાલિક સસ્પેન્ડ કરવાની કાર્યવાહી કરવાની જવાબદારી એ.સી.પી અને પી.આઈ ને સોપવામાં આવી છે.સીસીટીવીમાં પણ પોલીસ કર્મી હેલમેટ વગર પકડાશે તો કાર્યવાહી કરવાની સુચના અપાઈ છે.

### જાણવા જેવું !

૧૮૮૭માં મોન્ટાનામાં બરફનો વરસાદ પડ્યો ત્યારે બરફના કરા ૧૫ ઈંચ પહોળા અને ૮ ઈંચ જાડાઈ ધરાવતા હતા.અત્યાર સુધીમાં આવો બરફનો વરસાદ વિશ્વમાં કોઈ પણ ઠેકાણે પડ્યો નથી.

આપણી આંખની કીકીનું વજન એક ઔંસ હોય છે.

ગ્લોરી કેટરીગ સર્વીસ
આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્કઃ
એ.એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.